# ધર્મ અને પંથ

પ્રિય બંધુઓ અને બ્હેનો !

ધર્મ એ વિશાળ વસ્તુ છે. તે આત્માના સકળ સ્વરૂપને ખીલવવાન સાધનો પુરાં પાડે છે. શ્રીહરિભદ્રસૂરિએ ધર્મબિન્દુમાં કહ્યું છે કે

**धनदो धनार्थिनां प्रोक्तः कामिनां सर्व कामदः ।**
**धर्म एवापवर्गस्य पारंपर्येण साधकः ॥**

ધન એ ધનના અર્થીને ધન આપવાવાળો છે, અમુક વસ્તુઓની કામના–ઈચ્છા કરનારને તેની કામના પુરી કરનાર છે અને ધર્મ જ સ્વર્ગ આદિ આપી પરંપરાએ મોક્ષનો દાતા છે. ધર્મ આ પ્રમાણે વિશાળ અને વ્યાપક હોય છે, પણ તેનું વ્યાપક સ્વરૂપ ભૂલીને મમત્વને વશ થઈ કે કદાગ્રહથી નાની અને બીન મહત્ત્વની બાબતોના સંબંધમાં પંથો ઉભા થયા છે. પંથો મર્યાદિત બને છે, અને એક પંથવાળો બીજા પંથો ઉપર આક્ષેપ કરે છે, અને તેમાંથી ઝઘડા અને વેર વિરોધ પ્રકટે છે.

કોઇ ચોથને દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરે અને કોઈ પાંચમને દિવસે કરે, પણ જ્યાં સુધી બંને પક્ષવાળા આખા વર્ષમાં કરેલાં પાપનું પ્રાયશ્ચિત કરે, અને બીજાઓ પ્રત્યે થયેલા વિરોધ કે અવિનયની ક્ષમા આપે અને માગે, ત્યાંસુધી બંને પક્ષો માનને પાત્ર છે. પણ જ્યાં બીન મહત્ત્વની વસ્તુને પ્રધાનપદ આપવામાં આવે છે, ત્યાં ધર્મભાવના ઊડી જાય છે.

શ્વેતાંબર અને દિગંબર બન્ને જૈનધર્મના પંથોમાં ૯૫ ટકા જેટલી સમાનતા છે. બંને ધર્મો શ્રીમહાવીર પ્રભુને, નવતત્ત્વને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમહાવ્રતને, આત્માના અમરત્વને, કર્મને, પુનર્જન્મને, મુક્તિનાં સાધનો તરીકે જ્ઞાન દર્શન અને ચારિત્રને, અને એવી બીજી અનેક મહત્ત્વની વસ્તુઓને માને છે, તો પછી જે બાબતમાં મતભેદ હોય તેને જ કેમ આગળ ધરવામાં આવે છે? મનુષ્યને પોતાની અને પોતાના પંથની વિશિષ્ટતા બતાવવાની ઈચ્છા થાય છે, અને તેથી જે તુચ્છ ભેદો હોય છે, તેને જ આગળ લાવે છે. કોઈ શ્વેતાંબરને દિગંબરના સંબંધમાં પૂછવામાં આવે તો તે એમજ કહે કે "તેમના ગ્રન્થો પાછળથી લખાયેલા છે, અને તેમનામાં સ્ત્રીને દીક્ષા હોય નહિ, અને દિગંબર સ્ત્રીઓ મોક્ષને પામે નહિ!" હવે દિગંબરને પૂછવામાં આવે તો તે પણ એમજ કહે કે "શ્વેતાંબર સંપ્રદાયના ગ્રંથો પાછળથી લખાયેલા છે. શ્વેતાંબર પંથના સાધુઓ મહાવીર પ્રભુ જે દિગંબર હતા તેમની આજ્ઞાને લોપીને શ્વેત વસ્ત્રો પહેરે છે. તેમનો ત્યાગ ધર્મ અમારા જેવો ઉત્કૃષ્ટ નહિ." આવી રીતે મૂળ વસ્તુને ભૂલી સ્ત્રીઓને મોક્ષ હોય કે ન હોય, સ્ત્રીઓ દીક્ષા લઈ શકે કે નહિ અથવા તો સાધુ-ઓને વસ્ત્રો પહેરવાં કે ન પહેરવાં આ બીન મહત્ત્વની બાબતો પર ભાર મૂકીને બીજા પંથની અવગણના કરવામાં આવે છે.

**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** એ બાબતમાં શું મતભેદ છે? **कषायमुक्तिः सा एव मुक्तिः** કષાયથી મુક્ત થવું એ જ મુક્તિ છે, એમાં શું મતભેદ છે? દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મનાં ચાર અંગ છે, તેમાં મતભેદ છે? પંચમહાવ્રતમાં મતભેદ છે? એકતા બતાવનારાં અનેક તત્ત્વો હોવા છતાં તેને જતાં કરીને ભેદદર્શક બીન મહત્ત્વની બાબતો પર ભાર મૂકવામાં ઝઘડાઓ થાય છે. શ્વેતાંબર હોય કે દિગંબર હોય, બૌદ્ધ હોય કે અન્ય કોઇ ધર્મી હોય, પણ જેના હૃદયમાં સમભાવ છે, તે મોક્ષ મેળવશે, એમાં સંદેહ નથી.

જૈનધર્મને સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ કહે છે. જે સ્યાદ્વાદનું ખરું સ્વરૂપ સમજે, તે કદાપિ દુરાગ્રહી કે પરમત અસહિષ્ણુ હોઈ

૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકે નહિ. તે તો સામા મનુષ્યને અપેક્ષાએ સમજે છે, અને તેથી તે કદાપિ બીજાઓ જોડે લડતો નથી. ઘઉંના લોટની અપેક્ષાથી રેતી ભારે લાગે, તેજ રેતી સીસાના ભૂકાની અપેક્ષાએ હલકી લાગે. આ રીતે રેતમાં ભારેપણું તેમજ હલકાપણું બંને ગુણ આવેલા છે, પણ તે અમુક અપેક્ષાએ છે.

જેમ પંથોમાં મતભેદ પડે, તેમ ધર્મોમાં પણ મતભેદ પડે. ત્યારે મનુષ્યે શું કરવું? ત્યાં બધા ધર્મો કરતાં પણ એક મોટું તત્ત્વ છે કે જે આત્મધર્મ છે. આત્મધર્માવલંબી સ્વાશ્રયી બને છે. તે ધર્મોનાં પુસ્તકો વાંચે છે, બીજા મહાન્ પુરુષોનાં વચનો શ્રવણ કરે છે, પણ છેવટે તો પોતાના ઉપર જ વિશ્વાસ રાખે છે. આ ઉપર એક જાણીતું દૃષ્ટાંત છે. યુધિષ્ઠિર મહાભારતના યુદ્ધમાં અણીને પ્રસંગે પોતાના પક્ષનો જય થાય, તે હેતુથી પોતાના અંતરાત્માને ઠગીને શ્રીકૃષ્ણના સૂચનથી એક અસત્યવચન બોલ્યા, અશ્વત્થામા નામનો હાથી મરી ગયો હતો. જ્યારે અશ્વત્થામાના પિતા દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને સત્યવાદી માનીને પૂછ્યું કે "શું મારો પુત્ર અશ્વત્થામા મરી ગયો?" યુધિષ્ઠિરે અંતરાત્માને ઠગીને કહ્યું કે અશ્વત્થામા મરી ગયો. પણ ધીમેથી ઉમેર્યું કે **નરો વા કુંજરો વા** (માણસ મરી ગયો હોય કે હાથી મરી ગયો હોય!) આ અસત્ય વચન બોલવાથી તેમના હૃદયને ઘણો આઘાત થયો. વાત એટલેથી અટકતી નથી. મહાભારતનું યુદ્ધ પૂરું થયું, અને છેવટના સમયે યુધિષ્ઠિર પોતાના ચાર ભાઇઓ તથા દ્રૌપદી સાથે હિમાલય તરફ જવા નીકળ્યા. રસ્તામાં જંગલમાં થઇને તેઓ ગયા. ત્યાં એક કુતરો તેમની સાથે હતો. જંગલમાં યુધિષ્ઠિરના ચારે ભાઇઓ તથા દ્રૌપદી મરણ પામ્યાં, અને એકલા યુધિષ્ઠિર જીવતા રહ્યા અને કુતરો તો તેમની સાથે હતો. જંગલને અંતે ઇંદ્ર એક વિમાન લઈને આવ્યા અને યુધિષ્ઠિરને કહેવા લાગ્યા કે ચાલો આ વિમાનમાં બેસો, આપણે સ્વર્ગે જઈએ. યુધિષ્ઠિરે તે કુતરાને સાથે લીધા સિવાય સ્વર્ગે જવાની ના પાડી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈંદ્રે ઘણું સમજાયું, પણ તેમણે ના પાડી. ત્યારે ઈંદ્રે કહ્યું " હું ઈન્દ્ર તરીકે કહું છું કે જો આ તક ગુમાવશો તો ફરીથી તક નહિ મળે. માટે કુતરાને સારૂ શા માટે સ્વર્ગને જતું કરો છો ?" યુધિષ્ઠિરે કહ્યું. "શ્રીકૃષ્ણે મને એકવાર મારી ઈચ્છા વિરુદ્ધ અસત્ય બોલાવ્યું હતું. હવે તમે ઈંદ્ર હો કે ઇંદ્રના પિતા હો, પણ મારો આત્મા કહે છે કે આ કુતરો જંગલમાં મારી સાથે હતો, તો તેને મૂકીને હું સ્વર્ગમાં એકલો આવી શકું નહિ. હું મારા અસત્ય વચનના પરિણામથી આ પાઠ શીખ્યો છું કે જે મારું હૃદય કબૂલ ન કરે તે ગમે તેવો મહાન્ પુરુષ કહે તો પણ હું સ્વીકારૂં નહિ." આ શબ્દો બોલતાં જ તે કુતરો ધર્મરાજા થઈ ગયો. યુધિષ્ઠિરની પરીક્ષા લેવાનો આ પ્રબંધ હતો તેમાં તે ફાવ્યા.

**राजदण्डभयात्पापं नाचरत्यधमो जनः ।**
**परलोकभयाद् मध्यः स्वभावाच्चैव उत्तमः ॥**

કનિષ્ઠ મનુષ્ય રાજદંડના ભયથી પાપકર્મ કરતો નથી, મધ્યમ પુરુષ પરલોકના ભયથી પાપકર્મથી અટકે છે, પણ ઉત્તમ પુરુષ તો સ્વભાવથી જ સારી રીતે વર્તે છે.

સાર એ છે કે પંથો કરતાં ધર્મ મહાન્ છે, અને ધર્મો કરતાં આત્મધર્મ મહાન્ છે. જ્યાં મનુષ્ય મહત્ત્વની વસ્તુને પ્રધાનપદ આપે છે, ત્યાં નાના નાના મતભેદો ચાલ્યા જાય છે. અને ધર્મ એ અશાંતિ નહિ પણ શાંતિનું સ્થાન બને છે.

૨૨—૮—૩૦ **મણિલાલ નથુભાઈ દોશી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org